# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦/એ, "છ-૩" સર્કલની નજીક, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**આર-૨ શાખા**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના હસ્તકની **મેડિકલ ઓફિસર/ રેસિડન્ટ મેડિકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ-૨, ગુજરાત આયુર્વેદ સેવા, (જાહેરાત ક્રમાંક:૧૮/૨૦૨૫-૨૬) ની કુલ-૧૦૦** જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ONLINE અરજીઓ તા. ૨૫-૦૬-૨૦૨૫ ૧૩:૦૦ કલાક થી તા. ૦૯-૦૭-૨૦૨૫ ૨૩:૫૯ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે. આ જાહેરાતની અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ, https://gpsc-ojas.gujarat.gov.in અથવા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.

**જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઇટ પર વંચાણે લઇને જ ઉમેદવારે Online અરજી કરવાની રહેશે.**

**પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ:૧૨/૧૦/૨૦૨૫**

**[૧] ભરવાની થતી કુલ જગ્યાઓની વર્ગ પ્રમાણે વિગત નીચે મુજબ છે:**

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | | ૪ | | | | |
| | | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ.જાતિ | અનુ.જન જાતિ | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ.જાતિ | અનુ.જન જાતિ |
| મેડિકલ ઓફિસર/ રેસિડન્ટ મેડિકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ-૨ | ૧૦૦ | ૧૨ | ૧૦ | ૫૧ | ૧૨ | ૧૫ | ૦૪ | ૦૩ | ૧૭ | ૦૪ | ૦૫ |

- **ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ કુલ જગ્યાઓ પૈકી ૧૫ જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે. જે પૈકી ૧૧ દિવ્યાંગ અનામત જગ્યાઓ ખાસ ભરતી ઝુબેશ હેઠળની છે. કુલ- ૧૫ દિવ્યાંગ અનામત જગ્યાઓ પૈકી ૦૪ જગ્યાઓ માટે પ્રથમ ભરતી પ્રસંગ જ્યારે ૧૧ જગ્યાઓ માટે દ્વિતીય ભરતી પ્રસંગ ગણવાનો રહેશે.**

❖ **નોંધ : –**

**(૧)** ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી જે સંવર્ગમાં દિવ્યાંગ ઉમેદવારો માટે જગ્યા અનામત છે, તે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | | જૂથ વાઇઝ દિવ્યાંગ અનામત જગ્યાની સંખ્યા | | | | દિવ્યાંગોની અનામત જગ્યા માટે ભરતી પ્રસંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુલ જગ્યાની સંખ્યા | તે પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાની સંખ્યા | જૂથ **(a)** | જૂથ **(b)** | જૂથ **(c)** | જૂથ **(d)** | |
| ૦૧ | ૧૮/૨૦૨૫-૨૬ | મેડિકલ ઓફિસર/ રેસિડન્ટ મેડિકલ ઓફિસર (આયુર્વેદ),વર્ગ -૨ | ૧૦૦ | ૧૧ | -- | -- | ૦૧★ | ૧૦ ★ | બીજો |
| | | | | ૦૪ | -- | -- | ૦૨ | ૦૨ | પ્રથમ |

- ઉક્ત કોષ્ટકમાં "★" કરેલ જગ્યાઓમાં સબંધિત જૂથની ૧૧ જગ્યા ખાસ ભરતી ઝુંબેશ હેઠળની ગણવાની રહેશે.
- પ્રસ્તુત જાહેરાતોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧.૧૧.૨૦૨૪ તથા તા.૨૦.૧૧.૨૦૨૪ના દિવ્યાંગોની ખાસ ભરતી ઝુંબેશ અંગેના ઠરાવો ધ્યાને લેવાના રહેશે.
- નીચે GROUP (જૂથ) માં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

| Group (જૂથ) | Types of Disabilty |
|---|---|
| (a) | -- |
| (b) | -- |
| (c) | OA, OL, BL, CP, LC, Dw, AAV, SD, SI |
| (d) | SLD, MD(40%-70%) |

OA= ONE ARM (LEFT OR RIGHT) AFFECTED, OL= ONE LEG (LEFT OR RIGHT) AFFECTED, BL=BOTH LEGS AFFECTED,CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, SLD= SPECIFIC LEARNING DISABILITY, MD= MULTIPLE DISABILITIES.

આ અંગે આયોગની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલ વિભાગનો તા:૦૬/૦૭/૨૦૨૧ તથા તા:૧૨/૯/૨૦૨૩ નો દિવ્યાંગતા ઠરાવ ધ્યાને લેવાનો રહેશે.

**(૨)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગું પડશે.

**(૩)** મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો) તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**(૪)** બિનઅનામત કેટેગરીની જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ તથા આર્થિક રીતે નબળા વર્ગો, સા.શૈ.પ.વર્ગ., અનુસૂચિત જાતિ અને અનુ. જનજાતિની કુલ અનામત જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ પર પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયા દરમિયાન પ્રાપ્ત કરેલ ગુણ અને આયોગે સંબંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણ ધ્યાને લઇ કરવામાં આવશે.

**(૫)** ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

**(૬)** કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજુઆત /વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**(૭)** એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

**(૮)** ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

**(૯)** ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં, આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જ મોકલી આપવા.

**(૧૦)** સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે **https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN**

**-EXPFORMAT-240523.pdf** મુજબના નિયત નમૂનામાં અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.

**[ ૨ ] શૈક્ષણિક લાયકાત:**

possess,

**(a)** a degree in Bachelor of Ayurved Medicine and Surgeray (B.A.M.S.) obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised under Indian Medicine Central Council Act,1970.

**(b)** have passed the Secondary School Certificate (S.S.C) Examination or Higher Secondary Certificate (H.S.C) Examination with Sanskrit as one of the subjects or its equivalent from recognized Institute.

**[ ૩ ]** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ના ઉપયોગ અંગેની પાયાની જાણકારી

**[ ૪ ]** ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ;

**[ ૫ ]** પગાર ધોરણ: પે મેટ્રીક્ષ લેવલ-૯, રૂ.૫૩,૧૦૦-૧,૬૭,૮૦૦/-

**[ ૬ ]** ઉંમર: ૩૫ વર્ષથી વધુ નહીં. (ઉંમર ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે)

**[ ૭ ]** ઉપલી વય-મર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળશે:

| | | |
|---|---|---|
| ૧ | ફક્ત મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવાર | પાંચ વર્ષ (આ રીતે છૂટછાટ આપતાં ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષથી વધવી ન જોઇએ) |
| ૨ | ફક્ત મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના મહિલા ઉમેદવાર | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલાઓ માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થાય છે) વધુમાં વધુ ૪૫ વર્ષની વયમર્યાદાને આધીન. |

| | | |
|---|---|---|
| ૩ | બિનઅનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | દિવ્યાંગ ઉમેદવારો | સંબંધિત જગ્યા સામે દર્શાવેલ દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને મેડિકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ (વધુમાં વધુ ૪૫ વર્ષની વયમર્યાદાને આધીન) |
| ૫ | માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ. |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલકી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય; પરંતુ ઇજનેરી, તબીબી, ખેતીવિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાં થી બઢતી મળવા પાત્ર હોય તે માં ફરજ બજાવતા કર્મચારીને તેઓ એ બજાવેલ સેવાના સમય અથવા તો વધુ માં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**નોંધ:**

**(૧)** The Selected candidate shall require to get himself registered with the State Board of Ayurved and Unani system of Medicine at the time of application, if he is not so registered.

**(૨) પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ:** સંબંધિત વિષયનું ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે. જેનો સમયગાળો ૧૮૦ મિનિટ્સનો રહેશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૨૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવાર ૨૦% થી ઓછા ગુણ મેળવશે તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

**(૩)** રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવાનું રહેશે.

| *કુલ જગ્યાઓ* | *રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા* |
|---|---|
| *૦૧* | *૦૬* |
| *૦૨* | *૦૮* |
| *03* | *૧૦* |
| *૦૪ કે તેથી વધુ* | *કુલ જગ્યાઓના 03 ગણા* |

**(૪)** જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**(૫)** જો ઉમેદવારે વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા / સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે.

**(૬)** આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(૭)** **અરજી ફી:** સામાન્ય કેટેગરીના (બિનઅનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ અથવા ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, આર્થિક રીતે નબળા વર્ગો, માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી. ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

(૮)સદર જાહેરાતમાં નોંધાયેલ ઉમેદવારોની સંખ્યાને આધીન, આયોગ દ્વારા નિયત થયેથી, પ્રાથમિક કસોટીમાં ઉપસ્થિત રહેવા અંગેનું સંમતિપત્રક ઉમેદવારોએ ભરવાનું રહેશે. તથા તે અંગેની નિયત ફી, "ડીપોઝીટ" તરીકે ઉમેદવારોએ ભરવાની રહેશે.

(નસીમ મોદન )
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

| | |
|---|---|
| | **GUJARAT PUBLIC SERVICE COMMISSION**<br>**SECTOR-10 A, NR. CHH-3 CIRCLE, CHH ROAD, GANDHINAGAR-382010** |

**R-2 Branch**

Online applications are invited for the post of **Medical Officer/Resident Medical Officer (Ayurved) Class-II,Gujarat Ayurved Service, (Advt. No. 18/2025-26)** under the Health and Family Welfare Department.Candidates can apply online during Date: 25-06-2025 , 13:00 p.m. to Date:-09-07-2025, 23:59 p.m. Candidates are instructed to see Notice Board or visit the Website of Commission https://gpsc.gujarat.gov.in or https://gpsc-ojas.gujarat.gov.in for all provisions of advertisement, General Instructions, application form and age relaxation.

**Tentative Date of Preliminary Test:12/10/2025**

**[ 1 ]Category wise details of total vacancies to be filled are as follows:**

| Name of post | Total Vacancies | Category wise Vacancies | | | | | Out of Total Posts, reserved for Women | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | | | | 4 | | | | |
| 1 | 2 | General | EWS | S.E.B.C | S.C | S.T | General | EWS | S.E.B.C | S.C | S.T |
| Medical Officer/Resident Medical Officer (Ayurved) Class-II | 100 | 12 | 10 | 51 | 12 | 15 | 04 | 03 | 17 | 04 | 05 |

- Out of the total posts shown in the above table, 15 posts are reserved for Person with Disability (Divyang) candidates. Among these, 11 posts are reserved under a special recruitment drive. Out of the total 15 reserved posts, 4 posts will be considered for the first recruitment process, while 11 posts will be considered for the second recruitment process.

(1) Among the above-mentioned posts, the categories in which posts are reserved for differently-abled candidates are shown in the table below.

<table>
<tr><th rowspan="2">Advt-No</th><th rowspan="2">Saubject Name</th><th colspan="2">No. Of Vacancies</th><th colspan="4">Number of reserved seats for group wise Person with Disability</th><th rowspan="2">Recruitment Drive for Reserved Vacancy for Person with Disability</th></tr>
<tr><th>Total Posts</th><th>No. of Posts Reserved for PwD</th><th>Group (a)</th><th>Group (b)</th><th>Group (c)</th><th>Group (d)</th></tr>
<tr><td rowspan="2">18/2025-26</td><td rowspan="2">Medical Officer/Resident Medical Officer (Ayurved), Class-II</td><td rowspan="2">100</td><td>11</td><td>--</td><td>--</td><td>01★</td><td>10 ★</td><td>Second</td></tr>
<tr><td>04</td><td>--</td><td>--</td><td>02</td><td>02</td><td>First</td></tr>
</table>

- 11 post of the concerned group in the posts marked " * " in the said table shall be considered under special recruitment drive
- The resolutions of the General Administration Department dated 11.11.2024 and dated 20.11.2024 regarding the special recruitment drive for Person with Disability Candidates have to be taken into consideration in this advertisements.

- The candidates possessing disability as mentioned below can apply for the post. The candidates possessing other than the prescribed physical disabilities are not eligible to apply.

| Group (જૂથ) | Types of Disabilty |
|---|---|
| (a) | -- |
| (b) | -- |
| (c) | OA, OL, BL, CP, LC, Dw, AAV, SD, SI |
| (d) | SLD, MD(40%-70%) |

OA= ONE ARM (LEFT OR RIGHT) AFFECTED, OL= ONE LEG (LEFT OR RIGHT) AFFECTED, BL=BOTH LEGS AFFECTED,CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, SLD= SPECIFIC LEARNING DISABILITY, MD= MULTIPLE DISABILITIES.

In this regard, the resolutions of the department dated 06/07/2021 and 12/09/2023, uploaded on the Commission's website, should be taken into consideration.

**(2)** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

**(3)** In case of non-availability of woman candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

**(4)** Selection to the posts of unreserved category and posts reserved for Economically Weaker Section, SEBC category, SC category, ST category including the post reserved for woman candidates of respective category shall be made on the basis of marks obtained in selection process by the candidates of respective categories and on the basis of qualifying standard prescribed by the commission keeping in view to maintain efficiency of respective cadre/service.

**(5)** Candidates shall carefully read Advertisement Number and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

**(6)** Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidate shall not be accepted.

**(7)** In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the commission.

**(8)** Candidates should keep the certificates ready to be submitted in case the candidate is eligible for Application Scrutiny.

**(9)** Candidates are requested not to send physical copy of the application along with attachments to the commission as of now. The physical copy of the application may be sent as and when asked by the commission.

**(10)** All the candidates except those who are Government Servants/Officers shall compulsorily submit the experience certificate as per prescribed format given in the link.https://gpsc.gujarat.gov.in/Documents/Advertisment Document

/IN-EXPFORMAT-240523.pdf.Experience Certificate in any other format will not be considered valid.

## [ 2 ] Educational Qualification

possess,

**(a)** a degree in Bachelor of Ayurved Medicine and Surgery (B.A.M.S.) obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India, or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised under Indian Medicine Central Council Act,1970.

**(b)** have passed the Secondary School Certificate (S.S.C) Examination or Higher Secondary Certificate (H.S.C) Examination with Sanskrit as one of the subjects or its equivalent from recognized Institute.

**[ 3 ]** Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

**[ 4 ]** Have adequate knowledge of Gujarati or Hindi or both.

**[ 5 ]** Pay Scale: - Pay Matrix,Level-9, Rs.53,100-1,67,800/-

**[ 6 ]** Age: Not be more than 35 years. Age will be considered as on last date of Online application.

**[ 7 ]** Upper Age Limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | E.W.S, S.E.B.C, S.C, and S.T. Candidates of Gujarat Origin only | 5 years (Subject to Maximum 45 Years) |
| 2 | Women Candidate belonging to E.W.S, S.E.B.C, S.C and S.T.category of Gujarat Origin Only | 10 years (including relaxation of 5 years as women Candidate) Subject to maximum 45 years. |
| 3 | Women Candidates of Unreserved Category (General Category) | 5 years (Subject to Maximum 45 Years) |
| 4 | Persons with Disability | 10 years (Subject to Maximum 45 Years on the basis of Medical certificate issued by the |

| | | |
|---|---|---|
| | | Medical Board) |
| 5 | Ex. Serviceman Including E.C.O. / S.S.C.O. | The length of military service (At least five years of military services) + 3 years |
| 6 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967, A candidate who of Gujarat Govt. Employee is already in Gujarat Govt. Service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**Note:**

**(1)** The Selected candidate shall require to get himself registered with the State Board of Ayurved and Unani system of Medicine at the time of application, if he is not so registered.

**(2)** **Preliminary Exam Pattern:** A paper of Concerned Subject of 200 marks. Duration: 180 minutes. As per the Instruction/Provision of the Commission, the candidates who possess less than 25% marks in Preliminary Test shall not be eligible for Interview. Of which, the candidates of SC & ST categories, who possess less than 20% marks in Preliminary Test shall not be eligible for Interview.

**(3)** As per the Instruction/Provision of the commission, number of candidates of each category is being called for interview as per following norms:

| *No. of Posts* | *No.of Candidates to be called for an interview* |
|---|---|
| *01* | *06* |
| *02* | *08* |
| *03* | *10* |
| *04 & more* | *03 times of No. of posts* |

**(4)** The candidates should produce formula / method of calculation of percentage where percentage of marks is not mentioned in the marksheets by the University.

**(5)** The candidates having qualification from foreign University should produce necessary documents / proof regarding the recognition/equivalence of their degree.

**(6)** Candidates shall require to remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

**(7)** **Application Fees:** Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or in case of Online Payment, Rs. 100/- + Service charges as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Gujarat State, Ex-serviceman and Person with Disability have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fees.

**(8)** Subject to the number of candidates registered in the advertisement, the candidates will have to fill the "Consent Form" to appear in the Preliminary Test and have to pay the prescribed fees as "Deposit" as decided by the Commission.

**(NASIM MODAN)**
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online.

## **ઓનલાઈન અરજી કરવાની પદ્ધતિ :-**

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તારીખ: ૨૫/૦૬/૨૦૨૫, ૧૩:૦૦ કલાક થી તારીખ:૦૯/૦૭/૨૦૨૫,૨૩:૫૯ કલાક સુધીમાં** https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર “Online Application” વિકલ્પ પર ક્લિક કરતા “Apply” નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે “DETAILS” બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના “Apply” બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર “Apply Now” બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી “Apply” બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે “SKIP” બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )

Application Format માં સૌ પ્રથમ “Personal Details (ઉમેદવારની માહિતી)” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) “Personal Details” (ઉમેદવારની માહિતી)” માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે “NOT APPLICABLE” અથવા “NA” અથવા “NO SURNAME” એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ

આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવની અલગ અલગ વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવો નહીં.

**<u>નોંધ:-</u>**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

**(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૧૦/૦૭/૨૦૨૫** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથીયોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMENT STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

**(૨)** મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

**(૩)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની

પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

**(૪)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**(૫)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

**(૬)** મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૭)** આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

### ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ

ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર

પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(અ) અનુભવ વગરની સ્પર્ધાત્મક /સીધી ભરતીની એવી જાહેરાતો કે જેના ભરતી નિયમો /પરીક્ષા નિયમોમાં લઘુત્તમ ઉંમર વિશે કોઇ ઉલ્લેખ ન હોય તેવી જાહેરાતોમાં ઉમેદવારે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે લઘુત્તમ ઉંમર ૨૦ વર્ષ પુર્ણ કરેલ હોવા જોઇએ.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) આ જાહેરાતો અન્વયે જેના ભરતી નિયમોમાં તેની શૈક્ષણિક લાયકાતની પાત્રતા તારીખ અંગે કોઇ ઉલ્લેખ ન હોય તેવી માત્ર અનુભવ વગરની સીધી ભરતી માટે ભરતી નિયમોમાં માંગેલ શૈક્ષણિક લાયકાત પ્રાથમિક પરીક્ષા બાદ પ્રથમ અરજી ચકાસણી યાદી બહાર પડે તે તારીખે સંબંધિત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(ક) આ જાહેરાતો અન્વયે અનુભવવાળી સીધી ભરતીની તથા સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે જો ભરતી નિયમોમાં / પરીક્ષા નિયમોમાં અન્યથા કોઇ ઉલ્લેખ ન હોય તો ઉમેદવાર સંબંધિત શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ,માસ,વર્ષ),મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

(૬) અનુભવ જરૂરી હોય તેવી આયોગની તમામ જાહેરાતોની પ્રાથમિક કસોટી બાદ અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ખાનગી ક્ષેત્ર(સરકાર તથા બોર્ડ, નિગમ, કોર્પોરેશન સિવાયની સંસ્થાઓ કે જ્યાં સા.વ.વિ. દ્વારા નિયત થયેલ અનુભવનું પ્રમાણપત્ર લાગુ પડતુ નથી)નો અનુભવ ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની જોગવાઈઓ મુજબ અનુભવના નિયત પ્રમાણપત્ર સાથે લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો સાથે ભરતી નિયમો મુજબ માંગેલ અનુભવના પ્રમાણપત્રની ખરાઇ માટે અનુભવના સમયગાળા દરમિયાનનું Salary Accounts Bank Statement અને ફોર્મ-૧૬ (ભાગ-A અને B) અથવા Income Tax Return (ITR) આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

જો ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થયેલ ન હોવાના કારણે જો આવા ઉમેદવારો ફોર્મ-૧૬ (ભાગ-A અને B) અથવા Income Tax Return (ITR) રજૂ ન કરી શકે તો તેવા કિસ્સામાં ચાલુ નાણાકીય વર્ષ માટે ઉમેદવારના Salary Account ના Bank Statement ની વિગતો ને આધારે અનુભવના પ્રમાણપત્રની વિગતોને આધારે અનુભવના પ્રમાણપત્રની ખરાઇ કરવાની રહેશે.

## ૭ **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાની રહેશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની **મહત્તમ અવધિ** (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજી પત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.

(૬) (ક) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ સંદર્ભે ગુજરાત સરકારના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં. આ નિયત નમૂનાનું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વર્ગનુ પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે.

(૧૦ જો કોઈ અનામત વર્ગના ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહી હોય તો તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇપણ પ્રકારની છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિનઅનામત કક્ષાના મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે તે ઉમેદવારને બિનઅનામત વર્ગનો ગણવામાં આવશે. પરંતુ કોઇ પણ ઉમેદવાર જો બિનઅનામત વર્ગમા અરજી કરશે તો ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે તેઓની કેટેગરી બદલી આપવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

## ૮ માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉક્ત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

### (અ) સીધી પસંદગીથી ભરતી

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) **સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી**

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાતઃ-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા–પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ–૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની
જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ દિવ્યાંગતા પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુક્ત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોંચાડવી અથવા

(૧૧) ઉપરોક્ત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવ આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોક્ત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું– હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.